Service and Information Update

28 ફેબ્રુઆરી 2019

# સિવિક સેંટર ખાતે હવે નવું સર્વિસ બ્રૅમ્પટન સેંટર ખુલ્લુ મુકાયું

બ્રૅમ્પટન, ઓન્ટારિયો – આજથી સર્વિસ બ્રૅમ્પટન સેંટર 150 સેંટ્રલ પાર્ક ડ્રાઇવનાં સિવિક સેંટર ખાતે સત્તાવાર રીતે ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

સીટી હૉલ બહારના ઠેકાણે આ સહુ પ્રથમ ઇન-પર્સન સર્વિસ બ્રૅમ્પટન સેંટર છે. સિવિક સેંટરમાં રહેલ સર્વિસ બ્રૅમ્પટન સેંટર માહિતી અને સીટી સર્વિસિસ મેળવવાની આ બીજી રીત છે.

સીટીને લગતી સેવાઓ અને કેટલાક વ્યવહારો રૂબરૂ પૂર્ણ કરવા માટે નાગરિકો આ ઠેકાણે મુલાકાત લઈ શકે છે, જેમકે રિક્રિએશન રજિસ્ટ્રેશન, પાર્કિંગ ટિકિટની ચુકવણીઓ અને થિએટર ટિકિટની ખરીદીઓ. આ નવા ઠેકાણે ચુકવણીઓ ફક્ત ક્રેડિટ, ડેબિટ કાર્ડ કે ચેકથી જ સ્વીકારવામાં આવશે. રોકડ રકમ સીટી હૉલ ખાતે ભરી શકાશે. હાલમાં કામકાજનો સમય છે સોમવારથી શુક્રવાર સવારે 9 થી સાંજે 5.

સીટી સર્વિસિસ અને માહિતી દિવસે 24 કલાક, સપ્તાહનાં 7 દિવસ 311 પર ફોન કરીને કે ઓનલાઇન અહીં ઉપલબ્ધ છે www.brampton.ca. સીટી હૉલ પર અને સિવિક સેંટર ખાતેનાં સર્વિસ બ્રૅમ્પટન સેંટરોની રચના તે ઠેકાણે મુલાકાતીઓનો અનુભવ વધુ સુખમય બનાવવા માટે થઈ છે અને રૂબરૂ મળતી સેવા પસંદ કરતા હોય એવા નાગરિકોને વધારાનો વિકલ્પ આપે છે.

વધુ સર્વિસ બ્રૅમ્પટન સેંટરો આવતા થોડાક વર્ષોમાં સીટીની અન્ય ફેસિલિટીસ પર ખુલવાની આશા છે જેથી નાગરિકોને રૂબરૂ ઍક્સેસ આપી શકાય.

-30-

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca